# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

****************************************************

1. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે ભુજ વાયુસેના બેઝની મુલાકાત દરમિયાન વાયુસેનાની ત્વરિત અને નિર્ણાયક કાર્યવાહીની પ્રશંસા કરી.
2. જમ્મુ કાશ્મીરમાં સલામતી દળો અને જમ્મુ કાશ્મીર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં બે દિવસમાં છ આતંકવાદીઓને ઠાર કરાયાં
3. આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓની સમીક્ષા કરવા ચૂંટણી કમિશનર ડૉ. વિવેક જોશી ચાર દિવસના બિહારના પ્રવાસે
4. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે
5. વૈશ્વિક બજારોમાં મંદીના પગલે સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં ઘટાડાના વલણ.

.......................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAJNATH BHUJ VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે ઑપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેનાની ત્વરિત અને નિર્ણાયક કાર્યવાહીની પ્રશંસા કરી અને કહ્યું, તેનાથી દેશ અને વિદેશમાં બધા ભારતીયોને ગર્વ થયો છે. ગુજરાતના ભૂજમાં વાયુસેના બેઝ પર સૈનિકોને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું, વાયુસેનાને પાકિસ્તાનમાં આતંકવાદી માળખાનો નાશ કરવામાં માત્ર 23 મિનિટનો સમય લાગ્યો.

(BYTE- RAJNATH SINGH, AIR FORCE STATION)

શ્રી સિંઘે કહ્યું, આ કાર્યવાહીએ આતંકવાદ સામે મજબૂત સંદેશ આપ્યો છે અને ભારતની સૈન્ય શક્તિ અને તૈયારીઓનું પ્રદર્શન કર્યું છે. સંરક્ષણ મંત્રીએ કહ્યું, ઓપરેશન સિંદૂરમાં, ભારતીય સશસ્ત્ર દળોએ દુશ્મનને ભારે નુકસાન પણ પહોંચાડ્યું. તેમણે કહ્યું, ઑપરેશન સિંદૂરમાં ભારતીય સેનાની કાર્યક્ષમ ભૂમિકાની વિશ્વના અન્ય દેશોમાં પણ પ્રશંસા થઈ રહી છે.

(BYTE- RAJNATH SINGH, AIR FORCE)

---

# ENCOUNTER KILLED 6 TERRORIST

જમ્મુ કાશ્મીરમાં સલામતી દળો અને જમ્મુ કાશ્મીર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં છ આતંકવાદીઓને ઠાર કરવામા આવ્યાં હતાં.. આતંકવાદીઓ સાથે થયેલી બે અલગ અલગ અથડામણમાં છ આતંકવાદીઓને ઠાર કરાયા હતા.. આ બંને અથડામણની વિગતો આપતાં ભારતીય સેનાના જોઇન્ટ આઇજી વી કે બિરડીએ કહ્યું હતું કે ગઇકાલે ત્રાલ સહિત બે અલગ અલગ એન્કાઉન્ટર થયા હતા..જેમાં ભારતીય સૈન્ય, જમ્મુ કાશ્મીર પોલીસ અને સુરક્ષા એજન્સીઓના સંકલનને કારણે આ એન્કાઉન્ટરને સફળતા મળી છે.

(બાઇટ - વી કે બિરડી, જોઇન્ટ, આઇજી)

. . . . . . . . . . . . . . .

# DAY JAMIA MANUU TURKEY MOUs

ભારત અને તુર્કીયેના <u>સંબંધ વણસતા</u> ભારતના અનેક મુખ્ય વિશ્વ-વિદ્યાલયોએ રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાનો ઉલ્લેખ કરતા તુર્કીયેની સંસ્થાઓ સાથે પોતાના અકાદમી સમજૂતી કરાર- MoU રદ કરી દીધા છે. દિલ્હીમાં જામિયા મિલિયા ઇસ્લામિયાએ તુર્કીયેની સરકાર સાથે જોડાયેલી સંસ્થાઓના તમામ કરારને તાત્કાલિક રદ કરવાની જાહેરાત કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં વિશ્વ-વિદ્યાલયે જણાવ્યું, તેઓ મજબૂતી સાથે રાષ્ટ્રની પડખે છે. સાંભળીએ એક અહેવાલ.

(VOICE CAST- MEGHNA SHARMA)

. . . . . . . . . . . . . . . .

## BIHAR ELECTION COMMISSIONER

ચૂંટણી કમિશનર ડૉ. વિવેક જોશી આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓની સમીક્ષા કરવા બિહારના ચાર દિવસના પ્રવાસે છે. ડૉ. જોશી ગઈકાલે સાંજે પટના પહોંચ્યા. તેમની મુલાકાત દરમિયાન, તેઓ મતદારોની સુવિધાઓ માટેની વ્યવસ્થા તેમજ ચૂંટણી માટે લેવાયેલા સુરક્ષા પગલાંનું મૂલ્યાંકન કરશે. તેઓ EVM ની પ્રથમ સ્તરની ચકાસણી પ્રક્રિયા અને બૂથ લેવલ ઓફિસર્સ (BLO), બૂથ લેવલ એજન્ટ્સ (BLA) અને મતદાન કર્મચારીઓની તાલીમની પણ સમીક્ષા કરશે.

. . . . . . . . . . . . . . . .

## AMIT SHAH GUJ VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. સત્તાવાર માહિતી મુજબ, શ્રી શાહ આવતીકાલે ગાંધીનગરમાં વિવિધ

વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ સાંજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાવોલ, 'ચ' રોડ પર નવનિર્મિત સેક્ટર 21 અને 22ને જોડતા અંડરબ્રિજ, પેથાપુરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કોલવડા તળાવનું લોકાર્પણ કરશે. ઉપરાંત શ્રી શાહ મહાનગરપાલિકા અને ટપાલ વિભાગના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે.

ત્યારબાદ શ્રી શાહ રવિવારે અમદાવાદ અને મહેસાણાના વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત વિકસિત ભારતના નિર્માણમાં સહકારિતાની ભૂમિકાના મહાસંમેલનમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ મહેસાણામાં શ્રીમતી એસ. સી અને શેઠ ડી એમ સાર્વજનિક ટ્રસ્ટ, ગોઝારિયા સંચાલિત શ્રી કે. કે. પટેલ અને શ્રીમતી મધુબેન કે. પટેલ નર્સિંગ મહાવિદ્યાલયના નવનિર્મિત મકાનનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત શ્રી શાહ મહેસાણામાં ઓડિસ્સાની ફાલ્કન ગૃપ ઑફ કંપની દ્વારા શરૂ કરાયેલા 'રેડી ટૂ કૂક ફ્રોઝન પોટેટો પ્રોસેસિંગ પ્લાન્ટ'નું લોકાર્પણ કરશે.

ઉપરાંત શ્રી શાહ સાંજે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નવનિર્મિત પલ્લવ ઑવરબ્રિજનું લોકાર્પણ કરશે. ત્યારબાદ તેઓ મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ ઉપરાંત ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત K.V.I.C. દ્વારા વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સાધન વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . .

# SHAH ITBP

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ આઈટીબીપીને વિશ્વનું પાંચમુ સૌથી ઊંચું શિખર માઉન્ટ મકાલુ સર કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે, આઈટીબીપીના જવાનોએ પર્વતની ટોચ પર તિરંગો લહેરાવીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાનથી પ્રેરિત થઈને પ્રતિકૂળ હવામાન વચ્ચે પણ 150 કિલો કચરો દૂર કર્યો. શ્રી શાહે જવાનોની હિંમત અને પ્રતિબદ્ધતાને પણ બિરદાવી હતી.

. . . . . . . . . . . . . . . .

## MARKET

વૈશ્વિક બજારોમાં મંદીના પગલે ભારતીય શેરબજાર આજે ઘટાડા સાથે ખુલ્યુ હતું. બસો પોઇન્ટના કડાકા સાથે ખુલેલુ શેરબજાર આજે લાલ નિશાન પર કામકાજ કરી રહ્યુ છે.. ભારતી એરટેલ , સ્ટેટ બેંક અને આઇટી સેક્ટરના શેરોમાં વેચવાલીના પગેલ સેન્સેક્સમાં ત્રણસો અને નિફ્ટીમાં 80 પોઇટ જેટલો ઘટાડો જોવા મળી રહ્યો છે..

. . . . . . . . . . . . . . . .

## JK OPERATION SINDOOR

સરહદ સુરક્ષા દળ- BSFના મહાનિદેશક દલજીતસિંઘ ચૌધરીએ ગઈકાલે જમ્મુના સરહદી વિસ્તારની મુલાકાત લીધી અને ઑપરેશન સિંદૂરમાં અમૂલ્ય યોગદાન આપવા બદલ જવાનોની પ્રશંસા કરી. જમ્મુ આકાશવાણી સમાચારના સંવાદદાતાએ જણાવ્યું, મહાનિદેશકે સર્વોચ્ચ બલિદાન આપનારા વીરોને પલોરામાં આવેલા BSF મુખ્યમથક ખાતે 'અમર પ્રહરી સ્મારક' ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

શ્રી ચૌધરીએ ઑપરેશન સિંદૂર દરમિયાન દિવંગત સબ ઇન્સ્પેક્ટર મોહમ્મદ ઇમ્તિયાઝ અને કૉન્સ્ટેબલ દિપક ચિંગાખમની બહાદૂરીને નમન કર્યું. તેમણે BSFના જવાનોને સંબોધિત પણ કર્યા. તેમણે સૌથી પડકારજનક પરિસ્થિતિઓમાં દેશની સરહદની સુરક્ષામાં BSFની મહત્વની ભૂમિકાની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . . .

# PREZ SIKKIM STATEHOOD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિક્કિમ દિવસ નિમિત્તે રાજ્યના લોકોને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં સુશ્રી મુર્મૂએ લખ્યું, અસીમ પ્રાકૃતિક સૌંદર્ય, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને લોકોના ઉત્સાહ બદલ સિક્કિમની ઘણી પ્રશંસા કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, રાજ્યએ વિવિધ ક્ષેત્રમાં વિકાસ કર્યો છે. તેમણે ઉમેર્યું, સિક્કિમને રાજ્ય બનવાની

50મી વર્ષગાંઠ હોવાથી આ અવસર વધુ વિશેષ છે. શ્રી મોદીએ રાજ્યના લોકોની સમૃદ્ધિની પ્રાર્થના પણ કરી.

. . . . . . . . . . . . . . . .

## REV. ED- RAID

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ આજે સવારે ચેન્નાઈમાં પ્રખ્યાત ફિલ્મ નિર્માતા આકાશ ભાસ્કરનના નિવાસસ્થાન અને ઓફિસ પર દરોડા પાડ્યા છે. ડોન પિક્ચર્સના નિર્માતા અને દિગ્દર્શક આકાશ ભાસ્કરનનનાં ધનુષ, શિવ કાર્તિકેયન અને સિમ્બુ સાથે બ્લોક બસ્ટર ફિલ્મો બનાવી છે.

EDની અન્ય કાર્યવાહીમાં મદ્રાસ હાઇકોર્ટના એક કેસમાં  એક હજાર કરોડ રૂપિયના કૌભાંડમાં  અધિકારીઓએ CRPFના સહયોગથી  ચેન્નાઈમાં TASMAC ઓફિસો અને અધિકારીઓના નિવાસસ્થાનો દરોડા પાડ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## WHO DECLARES POLIO

**વિશ્વ આરોગ્ય સંગઠન- WHOએ પાપૂઆ ન્યૂ ગિનીમાં પોલિયોનો પ્રકોપ વધવાની જાહેરાત કરી છે. સાથે જ સંગઠને તાત્કાલિક રસીકરણ અભિયાન શરૂ કરવા આહ્વાન કર્યું છે. માધ્યમોના અહેવાલ મુજબ, પાપૂઆ ન્યૂ ગિનીના દરિયાકાંઠાના શહેર ‘લાય’ ખાતે એક સ્વસ્થ બાળકની**

નિયમિત તપાસ દરમિયાન સૌથી વધુ સંક્રમિત વાયરસના નમૂના મેળવવામાં આવ્યા.

પાંચ વર્ષથી ઓછી વયના બાળકો આ પૉલિયો વાયરસથી સૌથી વધુ સંક્રમિત થઈ રહ્યા છે. પૉલિયો નાબૂદીના વૈશ્વિક પ્રયાસ છતા પાપૂઆ ન્યૂ ગુની સહિત કેટલાક ક્ષેત્રમાં આ વાયરસ ફરી સામે આવ્યો છે. પાપૂઆ ન્યૂ ગિનીમાં અડધાથી પણ ઓછી વસતિએ પૉલિયોની રસી લીધી છે. આ દેશને વર્ષ 2000માં પૉલિયોમુક્ત જાહેર કરાયું હતું, પરંતુ વર્ષ 2018માં ફરી પૉલિયોનો પ્રકોપ વધવા લાગ્યો. ત્યારબાદ તાત્કાલિક પગલા લેવાયા.

. . . . . . . . . . . . . . . .